ગુરુપૂર્ણિમાનાં પાવન દિવસે યાત્રાધામ શામળાજીમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

વહેલી સવારથી જ ભકતો શામળીયા નાં દર્શન કરવા માટે લાંબી કતારો માં ઊભા રહીને ભગવાન શામળીયા નાં સન્મુખ દર્શન કરવા તત્પર બન્યા હતા. ભગવાન શામળીયા નાં દર્શન કરીને ભક્તો ગુરુદતાતરની ટેકરી ખાખચોક મંદિર નાં ૧૦૦૮ મહંતશ્રી હરકિશન મહારાજ નાં આશ્રમ માં વહેલી સવારથી જ ભકતો ઉમટયાં હતાં ભગવાન શામળીયા નાં દરબારમાં વહેલી સવારથી જ ભકતો શામળીયા નાં સન્મુખ દર્શન કરી નેં ધન્યતા અનુભવી હતી મંદિર નાં પુજારી પરેશભાઈ તથા વિનયભાઈ દ્વારા ભગવાન ને મખમલી વાંધા માં શણગારવામાં આવ્યા હતા ભગવાન શામળીયા નેં હીરા મોતી સોના નાં આભુષણો પહેરાવી ભગવાન ની પ્રતિમા મનમોહન લાગતી હતી વરસાદ માં પણ ભકતો શામળીયા નાં દરબારમાં ઊમટી પડ્યા હતા શામળાજી મંદિર તરફ આવતો સર્વિસ રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો શામળાજી મંદિર રોડ બસસ્ટેશન હાઈવે રોડ મેશ્વો સરોવર પણ માનવ મહેરામણ ઉમટયો હતો શામળાજી પી એસ આઈ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો

પ્રાંતિજ નગર પાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વેચતા વેપારીઓ સામે એક્શન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વેચતા વેપારીઓ ઉપર તબાહી બોલાવી હતી અને ૨૦૦ કિલો થી વધુ નોનયુઝ પ્લાસ્ટિક ઝડપી પાડયુ હતુ અને દંડ પણ કરવામા આવ્યો. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ના આદેશ ને લઈ ને પ્રાંતિજ નગરપાલિકા ના આરોગ્ય વિભાગ અને સેનેટરી વિભાગ ના એસો સંજય ભાઈ ચૌધરી તથા તેમની ટીમ દ્વારા પ્રાંતિજ નગર મા સિંગલ યુઝ પ્લાસ્ટિક નો વેપાર કરતા કે વેપાર અર્થે રાખતા વેપારીઓ લારી ગલ્લા ઉપર ચેકીંગ હાથ ધરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ બજાર માથી અંદાજે ૨૦૦ કિલો જેટલુ સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રાંતિજ નગર પાલિકા દ્વારા વિવિધ વેપારીઓ લારીઓ ગલ્લાઓ દુકાનો ઉપર જઈ નોનયુઝ પ્લાસ્ટિક જપ્ત કર્યુ અને નોનયુઝ પ્લાસ્ટિક રાખતા નાના મોટા વેપારીઓ પાસે થી કુલ-૧૫,૦૦૦ દંડ પણ વસુલવામા આવ્યો હતો અને પ્રાંતિજ પાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વેચતા વેપારીઓને ત્યા ચેકીંગ હાથ ધરવામા આવ્યુ હતુ તો સિંગલ યુઝ પ્લાસ્ટિક રાખતા અન્ય વેપારીઓમા પણ ભંય નો માહોલ જોવા મલ્યો.

સરડોઈ ગુરદત્ત આશ્રમે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી: બ્રહ્મલીન સદગુરૂની મૂર્તિની ભાવ પ્રતિષ્ઠા કરાઈ

મોડાસા તાલુકાના સરડોઈ ખાતે પ્રસિદ્ધ ગુરૂદત્ત આશ્રમે ગુરુપૂર્ણિમા પર્વની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે બ્રહ્મલીન પૂ.વિશ્વબંધુ જયશંકર બાબાની મૂર્તિ સ્વરૂપ ભાવ પ્રતિષ્ઠા કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં ગુરૂ ભકતો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસાના સરડોઈનો ગુરુદત્ત આશ્રમ પૂ.વિશ્વબંધુ બાબાની આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર બન્યો છે. સરળ શબ્દોમાં જ્ઞાન અને ભક્તિ માર્ગના ઉપદેશ દ્વારા અસંખ્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં આ આશ્રમના વિશ્વબંધુ જયશંકર બાબા વંદનીય કાર્યો કર્યા છે.આજે તે સદેહે હયાત નથી પણ તેમની સૂક્ષ્મ હાજરીમાં ગુરૂભક્તોએ શ્રદ્ધા પૂર્વક ગુરૂપૂજન કરી ધન્યતા અનુભવી હતી. ગુરૂ પૂનમના પાવન પ્રસંગે આશ્રમમાં નવનિર્મિત સમાધિ મંદિરમાં મુંબઈના ગુરૂભક્ત સંદિપ ભાઈ કાંતિલાલ પટેલ અને સચિન ભાઈ જગદીશ ભાઈ દરજી (બાકરોલ, હાલ,મુંબઈ)ના પરિવાર દ્વારા પૂજ્ય ગુરૂદેવની પ્રતિમાનું ભાવ સ્થાપન કરવામાં આવ્યું જેમાં સચિન મહારાજના આચાર્ય પદે વિષ્ણુંયાગ યોજવામાં આવતા દર્શન અને મહાપ્રસાદનો ઉપસ્થિત ભક્તોએ લાભ લીધો હતો.આ પ્રસંગે સ્વામી જગદીશ ભાઈ દરજી, ગુરૂ માતા કમળાબા,આત્મારામ નાયક અને સીતારામ નાયક સહિત સર્વ ગુરૂભક્ત પરિવારે અથાગ પ્રયત્ન કરી ગુરુપૂર્ણિમાની ઉજવણી સાથે સમાધિ મંદિરમાં મૂર્તિની ભાવ સ્થપાના કાર્યક્રમને સફળ બનાવી ગુરૂ પૂજન પ્રસંગે અહોભાવ વ્યક્ત કર્યો હતો. ગુરૂ પૂનમની પૂર્વ સંધ્યાએ ધોધમાર વરસાદ છતાં ગુરૂ પૂજન માટે મોટી સંખ્યામાં ગુરૂ ભકતો હાજર રહ્યા હતા.

રાજેન્દ્રનગર પંથકમાં એક કલાકમાં ચાર ઈંચ વરસાદ ,ખેડૂતોમાં ખુશી

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર પંથકમાં મંગળવારે સાંજે સાત વાગ્યાથી રાત્રિના આઠ વાગ્યા સુધીમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતાં માત્ર એક કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં ઠેર ઠેર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને જ્યાં નજર કરો ત્યાં પાણી જ પાણી નજરે પડતું હતું. આ પંથકમાં ચોમાસાના પ્રારંભ પછી પહેલી વખત જ આવો ધોધમાર વરસાદ વરસતા ખેડૂતો સહિત સૌ કોઈમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. વળી ધોધમાર વરસાદથી ગામના સોમનાથ મંદિર નજીક આવેલા તળાવમાં તથા બાલસમુદ્ર ડેમમાં પાણીની આવક થવા પામી છે. વળી ભારે વરસાદને કારણે રાજેન્દ્રનગર ચોકડીથી ગામમાં જવાના માર્ગ પર કોલેજ સામેના રેલવે અંડરબ્જિમા કેડ સમા પાણી ભરાઈ જતાં સાંજના ટાણે ગામમાં પરત ફરતા નોકરિયાતો, ધંધાર્થીઓ અને રાહદારીઓ અટવાઈ જવા પામ્યા હતા.વળી વરસાદ ચાલુ રહેતાં આ બધાં છેવટે વાયા રાયગઢ થઈ સજાપુરના ડુંગર વાળા રસ્તે થઈને ગામમાં પહોંચ્યા હતા. આ અંડરબ્જિમા કોલેજ સહિત આસપાસના ખેતરોનુ પાણી ભરાઈ જાય છે વળી આ બ્જિમા વરસાદી પાણીના નિકાલ માટે મૂકેલ ગરનાળું નાનું અને સાંકડું હોઈ સામાન્ય વરસાદ પડતાં જ ભરાઈ જાય છે આ બાબતે ગ્રામ પંચાયત દ્વારા કોલેજ આગળના વરસાદી પાણીના નિકાલ માટે કોલેજના સત્તાવાળાઓનું ધ્યાન દોરી તેનો યોગ્ય નિકાલ થાય તો અહીં થતી હાલાકી મહંદઅંશે નિવારી શકાય તેમ છે. આ અંગે રાજેન્દ્રનગર ગ્રામ પંચાયતના સત્તાવાળાઓ રસ દાખવે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ધનસુરા તાલુકાના આકરૂન્દ કેળવણી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ : પ્રવિણ પટેલ પ્રમુખ પદે બિનહરીફ

સંસ્થાના વિકાસની નોંધ લેવાઈ, ૧૫૦ થી વધુ સભ્યોની નોંધપાત્ર હાજરી

હિંમતનગર (બ્યુરો ઓફિસ), તા.૧૩

ધનસુરા તાલુકાના આકરૂન્દ કેળવણી મંડળની વાર્ષિક સાધારણ

સભા રવિવારે મંડળના પૂર્વ પ્રમુખ પરસોત્તમભાઈ એલ. પટેલ(હરિપુરાકંપા)ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. પ્રવિણ એમ. પટેલ પ્રમુખ પદે બિનહરીફ ચૂંટાઈ આવવાની સાથે તેમની સમગ્ર ટીમ બિનહરીફ ચૂંટાઈ આવી હતી. પાછલા ૩ વર્ષ દરમ્યાન સંસ્થાના વિકાસ અને શિક્ષણની પ્રગતિની સૂપેરે નોંધ લેવાઈ હતી. મંડળની સામાન્ય સભામાં ઐતિહાસિક ૧૫૦ થી વધુ સભ્યોની નોંધપાત્ર હાજરી જોવા મળી. આકરૂન્દ કેળવણી મંડળે મહિલા સશક્તિકરણને બળ આપવા માટે ૭ મહિલાઓને કેળવણી મંડળમાં સ્થાન આપતાં કેળવણીકારોએ નવી પહેલને બિરદાવી છે. કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલે મંડળના હિસાબ તેમજ સંસ્થાકીય પ્રગતિ અને તેનો અહેવાલ રજૂ કર્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે આકરૂન્દ કેળવણી મંડળ સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓનું નામ રાજ્ય કક્ષાએ ગુંજતું થયું છે. શાળામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ તેમજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓને ઉત્તમ સવલત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો છેલ્લા કેટલાય સમયથી પ્રયત્ન થઈ રહ્યો છે તેના ફલસ્વરૂપે તાજેતરમાં બોર્ડ પરીક્ષામાં શાળાએ યશસ્વી દેખાવ કર્યો હતો. આકરૂન્દ કેળવણી મંડળના વર્તમાન હોદ્દેદારોની મુદત પૂરી થતાં તા.૧૦ જુલાઈના રોજ આકરૂન્દ હાઈસ્કુલના સભાખંડમાં વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. કોરોનાના કારણે મંડળના ૨ સભ્યોના દુ:ખદ નિધન થયા હોવાથી સ્વ.જશુભાઈ લવજીભાઈ પટેલ અને સ્વ. હરેશભાઈ ભાઈલાલભાઈ સોનીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી ત્યારબાદ એજન્ડા ઉપર લીધેલા તમામ કામોને આવરી લેવાની સાથે સભાસદો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના પણ યોગ્ય જવાબ આપવામાં આવ્યા હતા ત્યારબાદ વર્ષ-૨૦૨૨ થી ૨૫ માટે નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી જેમાં વર્તમાન પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, મંત્રી હસમુખભાઈ એન. પટેલ સહિત હોદ્દેદારો બિનહરીફ ચૂંટાઈ આવતાં સર્વ સભ્યો અને શાળા સ્ટાફે આકરૂન્દ કેળવણી મંડળની નવી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. પ્રવિણ એમ. પટેલ આકરૂન્દ કેળવણી મંડળમાં સતત ૩ ટર્મ સાથે ચોથીવાર પ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા છે. સંસ્થાના ભૌતિક વિકાસમાં અમૂલ્ય યોગદાન આપનાર જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી(નાંણા), તાલુકા પંચાયત સદસ્ય વિણાબેન વિનોદભાઈ પટેલ(આકરૂન્દ)ને પણ કારોબારીમાં સ્થાન મળ્યું છે. જ્યારે અન્ય મહિલાઓમાં ચેતનાબેન શૈલેષભાઈ પટેલ, ગીતાબેન વિનોદભાઈ પટેલ, અલ્પાબેન નીતિનભાઈ બારોટ, શારદાબેન હિરાભાઈ પટેલ, ઈન્દુબેન નરેન્દ્રભાઈ પટેલ, તૃપ્તિબેન પરાગભાઈ પટેલને પણ કારોબારીમાં સ્થાન મળતાં મહિલા સભાસદોમાં ખુશાલી જોવા મળી છે.

કેળવણી મંડળના હોદ્દેદારો..
પ્રમુખ : પ્રવિણ એમ. પટેલ (બાયડ)
મંત્રી : હસમુખભાઈ એન. પટેલ(આકરૂન્દ)
ઉપપ્રમુખ : મહેશભાઈ ડાં.હિરૂભાઈ પટેલ(ધરમેડાકંપા)
ઉપપ્રમુખ : દિનેશભાઈ હિંમતભાઈ પટેલ(આકરૂન્દ)
ઉપપ્રમુખ : વિનોદભાઈ ધનજીભાઈ પટેલ(કાશીપુરાકંપા)
સહમંત્રી : વિનુભાઈ મણીલાલ શાહ(આકરૂન્દ)
સહમંત્રી : ઈશ્વરભાઈ સી. દેસાઈ(નાંણા)
સહમંત્રી : અલ્પાબેન નીતિનભાઈ બારોટ(આકરૂન્દ)
કોષાધ્યક્ષ : જયેશભારથી રામભારથી ગોસ્વામી(આકરૂન્દ)
આંતરીક ઓડીટર : ઈશ્વરભાઈ રણછોડભાઈ પ્રજાપતિ(આકરૂન્દ)

સાબરકાંઠા, અરવલ્લીમાં ગુરૂ પૂર્ણિમા પર્વની આસ્થા-ઉમંગથી ઉજવણી

ગુરૂના ચરણ સ્પર્શ કરી શિષ્યો ધન્ય બન્યા : ગુરૂના આશ્રમોમાં ભક્તોની મોટી ભીડ દેખાઈ: દિપેશ્વરી ધામમાં ૩૫ હજાર, ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ૩૦૦૦ ભક્તો ઉમટ્યા

બાયડ (બ્યુરોઓફિસ),તા.૧૩

ગુરૂ બળ જ એવું છે કે તેનાં દર્શન થતાં જ ધન્ય થઈ જવાય. મંગળવારે ગુરૂપૂર્ણિમા પર્વ હોવાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના હજારો શિષ્યો પોતાના ગુરૂજનના દર્શન માટે આશ્રમ, શક્તિ પીઠ, દેવ મંદિરોમાં પહોંચી જતાં શિષ્યોની પવિત્ર ધામો ઉપર ભારે ભીડ જોવા મળી હતી. બાયડ, શામળાજીના ગાયત્રી શક્તિપીઠ, સુંદરપુરાના રામજી મંદિર, બેરણા આશ્રમ સહિત અનેક સ્થળોએ શિષ્યોએ ગુરૂજનોના ચરણોમાં શિશ ઝૂકાવી ગુરૂ પૂર્ણિમા પર્વની આસ્થા સાથે ઉજવણી કરી મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. બાયડના દિપેશ્વરીધામ જૂનાઉંટરડામાં ઉપ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ અષાઢી પુનમે દર્શનનો લાભ લીધો હતો. જ્યારે ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ૩૦૦૦થી વધુ પરિજનોએ ગુરૂપૂર્ણિમા પર્વમાં ભાગ લીધો હતો.

દરેકના જીવનમાં મા-બાપ પછી ગુરૂનું આગવું મહત્વ રહેલું છે. ગુરૂ પૂર્ણિમાનું પર્વ નજીક આવતાં શિષ્યો ગુરૂ

દર્શન માટે થનગનતા જોવા મળ્યા હતા. તા.૧૩ના રોજ ગુરૂપૂર્ણિમાનું પર્વ હોવાથી ગોધમજીના જેસીંગ બાપા, મુનાઈમાં નથ્થુ બાપા, પંચમહાલ જિલ્લાના તાજપુરામાં બ્રહ્મલીન સંત નારાયણ બાપુ, બાયડ તાલુકાના બ્રહ્મલીન સંત અયોધ્યારામજી મહારાજના સૂક્ષ્મ આશીર્વાદથી શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી કેશવદાસજી મહારાજ તેમજ બાયડના ગાયત્રી શક્તિપીઠમાં પરમ પૂજ્ય શ્રીરામ શર્મા આચાર્યજીના સૂક્ષ્મ આશીર્વાદ મેળવવા માટે ભક્તજનોએ રીતસરની કતારો ખડકી દીધી હતી અને આ તમામ દેવસ્થાનો ભક્તજનો અને શ્રદ્ધાળુઓથી ઉભરાઈ ગયા હતા. તે જ રીતે ઉંટરડાના દિપેશ્વરી ધામ, સરડોઈના ગુરૂદત્ત આશ્રમ તેમજ ઝૂમસર છાપરામાં શ્રી નિલકંઠેશ્વર મહાદેવના નિર્મોહીના આશ્રમે પણ ગુરૂ ભક્તોનો મોટો મેળાવડો જોવા મળ્યો હતો. બેરણા આશ્રમ ખાતે પણ મહેન્દ્રભાઈ ઉપાધ્યાયના અનુયાયીઓ મોટી સંખ્યામાં ઉમટી પડી તેમના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવ્યાનું જાણવા મળેલ છે. બાયડના ગાયત્રી શક્તિ પીઠ તથા સુંદરપુરાના રામજી મંદિર ખાતે પણ ગુરૂ પૂર્ણિમાને લઈને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. દિપેશ્વરી ધામમાં ભાટીયા સમાજ મોડાસા જૂથ સેવા મંડળના પ્રમુખ અરવિંદભાઈ ડી. ભાટીયા(બાયડ) તરફથી પ્રસાદ આપવામાં આવ્યો હતો.

ગાયત્રી શક્તિપીઠમાં પૂર્વ ધારાસભ્ય પરિવાર દ્વારા રૂા.૨.૫૧ લાખનું દાન

બાયડના પૂર્વ ધારાસભ્ય અને ગાયત્રી ઉપાસક ડાં.મહેન્દ્રભાઈ એસ. પટેલ અને મીનાબેન એમ. પટેલના પુત્ર વશિષ્ઠના લગ્ન પ્રસંગે આવેલા ચાંલ્લાની તમામ રકમ તેઓએ ગાયત્રી તિર્થ હરિદ્વાર, સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગર, બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમ તેમજ દેવસ્થાન અને જરૂરીયાતમંદ પરિવારોને દાનમાં આપવાનો ઉમદા સંકલ્પ લીધો હતો. બુધવારે ગુરૂ પૂર્ણિમા હોવાથી ડાંક્ટર દંપત્તિએ ગાયત્રી શક્તિપીઠમાં રૂા.૨.૫૧ લાખનું દાન કર્યુ હતું. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય તથા ગાયત્રી પરિજનોએ પરિવારની ભાવનાને જાહેરમાં બિરદાવી હતી.

મોડાસા સહિત અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો

આશ્રમો, ગુરુદ્વારાઓ તેમજ ગુરુ નિવાસ સ્થાનોમાં દર્શનાર્થીઓ ઉમટ્યા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં આજે અષાઢી પૂનમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે ઉમંગ ઉલ્લાસ વચ્ચે ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉમંગે ઉજવાયો હતો "ગુરુબિન ભવનિધિ તરહી ન કોય.. ચાહે બિરંચી શંકર સમ હોય...!!"

ગુ એટલે અંધકાર અને રું એટલે પ્રકાશ...આધ્યાત્મિક દષ્ટિએ જીવનમાં ગુરુનો મહિમા અપરંપાર છે. છેક ભગવાન કૃષ્ણ અને શ્રી રામ જેવા અવતારી દેવો..ભગવંતોના સમયમાં પણ ભગવાને પૃથ્વી ઉપર અવતરી ગુરુદ્વારાઓમાં જઈ ગુરુ પાસેથી આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું જે ઉજ્જ્વળ પરંપરા થકી ચાલી આવતી ગુરુ મહિમાને ઉજાગર કરતી ગુરુપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે.

આજે અરવલ્લી જિલ્લામાં પણ મોડાસામાં દેવાયત પંડિતની પવિત્ર ભૂમિ દેવરાજ ધામ ખાતે,બન્ને જિલ્લાઓના

મુમુક્ષુઓ- ભક્તોના આસ્થાનું કેન્દ્ર સમા ગોધમજી ખાતે સંત જેસિંગ બાવજીનના મંદિરે ઉપરાંત અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં પણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારે ઉમંગભેર ઉજવાઈ હતી.

મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે પ્રસિદ્ધ શ્રીકૃષ્ણાશ્રમ ખાતે અગ્નિહોત્રી આત્રેયભાઈના સાન્નિધ્યે,સરડોઈમાં પૂ.ભક્તિરામ બાવજીને ગાયત્રી આશ્રમે પૂ પદયુમન બાવજી અને દત્ત આશ્રમે , મેઢાસણ પાસે સાલમપુર ખાતે પૂ.મોહનમહારાજના તારાપુર આશ્રમે પૂ. લક્ષ્મણબાપુના સાન્નિધ્યે,મોડાસાના શિણાવાડ માં સંતશ્રી પુરુષોત્તમ આશ્રમે, મોટી ઈસરોલમાં રામદેવ ઉપાસક પૂ.હીરાદાદાના સાન્નિધ્યે, સુનોખ કંપા નજીક વક્તાપુરમાં સંત લાલજી મહારાજના અશ્રમે,ખોડંબા પાસે વૈજનાથ મંદિરે પૂ.વાસુદેવજી મહારાજની સાન્નિધ્યે પણ ગુરુ પૂર્ણિમા ઉજવાઈ હતી.

આજે જિલ્લામાં આશ્રમો, ગુરુદ્વારાઓ તેમજ ગુરુ નિવાસ સ્થાનોમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી.સવારથી જ ભકતો,અનુયાયીઓ પોતાના ગુરુના દ્વારે જઈને તેમજ દેવદેવીઓના મંદિરોમાં જઈ માથું ટેકવીને ભગવાનના દર્શન કરીને અને ગુરુદ્વારાઓમાં ગુરુવંદના, પૂજા કરીને અને ગુરુ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ વિકાસ નથી તો શું છે?? રાહુલ બાબા જોડે વિકાસની કોઈ વ્યાખ્યા હોય તો બતાવે...!!

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૧૩

વિકાસ શબ્દની વ્યાખ્યા જ ખબર ના હોય એને વિકાસ એટલે શું એ કેવી રીતે ખબર પડે?? રાહુલજીએ "વિકાસ" ના મુદ્દે મોદીજીની ખૂબ મજાક ઉડાડી છે... જ્યારે કમસે કમ મોદીજીને એ ખ્યાલ તો આવ્યો કે ભારત "વિકાસ" ઝંખે છે!!બાકી રાહુલજીના પૂર્વજોને તો સપનામાં પણ વિકાસ આવતો નહોતો!! રાહુલજીને તો "વિકાસ" શબ્દથી જ એલર્જી છે તો એમને તો ભારતમાં "વિકાસ" થાય કે ના થાય એની જોડે શુ નિસબત હોય?? હું ભારતની નહિ પણ ભાજપના વિકાસ મોડલ ગુજરાતની વાત કરું તો ૨૦ વર્ષનું ગુજરાત કેવું હતું તે આજના યુવાનને કદાચ કલ્પના પણ નહીં હોય...

ગુજરાતમાં દિવસ રાત મળીને ૨૪ કલાકમાં ૧૨- ૧૫ કલાક વીજળી મળી તો પણ બહુ કહેવાય, ખેડૂતો માટે વીજળીની શુ વાત કરવી?? અજવાળું કરીને ભણવા માટે પણ આજથી ૨૦ વર્ષ પહેલાં લાઈટ નહોતી. હતી તો તેનું કોઈ ઠેકાણું નહિ ગમે ત્યારે અંધારપટ થઈ જાય!! રસ્તાઓ ધૂળિયા અને ચોમાસામાં તો એક ગામથી બીજે ગામ પણ ના જવાય... આજે એ ગુજરાતનું પ્રત્યેક ગામ બીજા ગામથી પાકા રસ્તાથી જોડાઈ ગયું. જ્યોતિગ્રામ યોજના થકી ગુજરાતનું પ્રત્યેક ગામ ૨૪ કલાક ઘરમાં વીજળી વપરાશ કરતું થઈ ગયું!! "નલ સે જલ" યોજના અંતર્ગત શહેરના જ નહીં ગામડાઓના ઘરે ઘરે નળ દ્વારા પાણી પહોંચી ગયું. ઘરે ઘરે શૌચાલય બની ગયા... ઘરવિહોણા લાખો પરિવારને હલકુ ભારે રહેવાનું ઘર મળી ગયું, શુ આને વિકાસ ના કહેવાય???

ગુજરાતમાં ગ્રા.પંચાયત ભવન, તાલુકા- જિલ્લાઓની સરકારી કચેરીઓ કે જેમાં ૨૦ વર્ષ પહેલાં સડેલા પતરા કે તૂટેલી નાળોમાંથી કચેરીમાં પાણી ટપકતું અને બેસવા માટે તૂટેલી ચાર છ ખુરશીઓ હોય, પીવાનું પાણી ના હોય ત્યાં શૌચાલય કે મુતરડીઓ તો ક્યાંથી હોય??? આ હાલત તમામ કચેરીઓમાં હતી, અને ત્યારે રાહુલબાબાના બાપા-દાદાઓનું શાસન હતું.... જેવી કોંગ્રેસ ગઈ માત્ર ૧૦ વર્ષમાં ગુજરાતની તમામ સરકારી કચેરીઓ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, જાહેર બગીચાઓ, સાબરમતી રિવર ફ્રન્ટ તમામ સંસાધનો પાકા અને આધુનિક બની ગયા... શુ આ વિકાસ નથી??? રાહુલ બાબા જોડે "વિકાસ" ની બીજી કોઈ વ્યાખ્યા હોય તો જરૂરથી બતાવી શકે છે!!!

મેટ્રો રેલવે, રિંગરોડ, રિવરફ્રન્ટ, સોલાર પ્રોજેક્ટ, મહાત્મા મંદિર, સ્ટેચ્યુ ઓફ યુનિટી એ તમામ પ્રોજેક્ટ બન્યા અથવા ચાલી રહ્યા છે તો તેને વિકાસ ના કહી શકાય?? ગુજરાતમાં ઓટો ઈન્ડસ્ટ્રીઝનું આગમન, ફાર્મા કંપનીઓનો વ્યાપ વધવો, ગામડે ગામડે ખેતીવાડી માટે તળાવો ઊંડા કરી તેને ભરવાની વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી એવા એક નહિ અનેક આયોજનો થયા અને થઈ રહ્યા છે એમને રાહુલબાબા અને તેમના મામા- માસાની રાજકીય પાર્ટીઓ વિકાસ ગણતી જ નથી!! જો "વિકાસ" ની પરિભાષા જ કોઈને સમજાતી ના હોય તો એ ભૂલ લોકોની કે સરકારની નથી પણ જે તે સંકુચિત રાજકીય પાર્ટીઓની છે તેવું મારુ માનવું છે... રાહુલબાબા જેવા જ એક "લાલ" આવ્યા છે જે બધું મફતમાં આપવાની વાત કરે છે, તેઓ બધું મફતમાં આપશે તો તેના માટે પૈસા ક્યાંથી લાવવાના છે તે મતદારોએ જરૂર વિચારવું જોઈએ... "વિકાસ" નું નામ લઈએ તો રાહુલજીનું મોઢું બગડી જાય છે પણ આ સાચી વાસ્તવિકતા છે....

અષાઢ સુદ પૂનમનો અનેરો મહિમા જગતભરમાં ઉજવાતો હોય છે

મોડાસા, તા. ૧૩

જેમાં શ્રી સાબરકાંઠા રામદેવ પરિવાર સંચાલિત પંચદેવ મંદિર

બાયલ તા.મોડાસા મા પરંપરાગત પ્રગટ સદગુરુ સ્વરૂપ મહંત શ્રી.ચંદ્રવદન વ્યાસ સાહેબ ના સાનિધ્ય માં પણ વર્ષો થી ગુરુપૂર્ણિમા ની ઉજવણી થતી હોય છે જેમાં આ વર્ષે પણ ભક્તો ની આસ્થા ને સ્થાન આપી ગુરુપૂર્ણિમા મહોત્સવ સફળ બન્યો હતો. જેમાં સમગ્ર કાર્યક્રમ રુચિ મુજબ , શુભ દિવસ ની શરૂઆત સવારે પૂ.બાપજીનું પ્રવચન તથા સંતો ની વધામણી સવારે ૯.૦૦ કલ્લાક થી ૧૧.૦૦ કલાક સુધી ત્યાર બાદ ,શ્રી રામદેવજી મહારાજ જ્યોત પાઠ પ્રકાશ અને જગતગુરુ બ્રહ્મલીન આચાર્યશ્રી,ચરણતીર્થ મહારાજ ગુરુગાદી પૂજન સવારે ૧૧.૦૦ કલાક સુધી ત્યારબાદ, સમગ્ર ભક્તો નું મહાપ્રસાદ નું આયોજન ૧૨.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. અને આ પ્રમાણે સમગ્ર કાર્યક્રમરુચિ નું પાલન કરી ગુરુપૂર્ણિમા મહોત્સવ સફળ બનાવવામાં આવ્યો હતો.

ગાંભોઈ- રૂપાલ પંથકમાં વાવાઝોડા સાથે પાંચ ઈંચ વરસાદ નોંધાયો

ગ્રામ્ય માર્ગો પર વૃક્ષો ધરાશાયી : ગાંભોઈ હાઈવે જળબંબાકાર

ગાંભોઈ, તા.૧૩

મંગળવારના રોજ મોડી સાંજે ગાજવીજ અને વાવાઝોડા સાથે થયેલા ધોધમાર વરસાદના કારણે ગાંભોઈ, રૂપાલ પંથકના રાયગઢ,

રાજેન્દ્રનગર, ચાંદરણી, વાસણા, ગાયંત્રીકંપા, ખાંધોલ, ઝૂંપ વગેરે ગામોમાં ભારે વરસાદ પડ્યો હતો. જેના કારણે ગ્રામ્ય માર્ગો પર વૃક્ષો ધરાશાયી થતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ગાંભોઈ નેશનલ હાઈવે જળબંબાકાર થઈ જતા તૂટેલા માર્ગના કારણે એક રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી. ગાંભોઈ પંથકમાં સમી સાંજે અને રાત્રે પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી કરેલ ખેતરો બેટ બન્યા હતા.